હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આલકોએ આ સારૂ કર્યું... આપણા જેવા કરચોર અને કાળાબજારીયાને પણ આપણે દેશપ્રેમી છીએ એવુ ફીલીંગ આવતુ કરી દીધુ...!!!

સિવિલમાં ટપકતી છતથી દર્દીઓ હેરાન-પરેશાન

ગાંધીનગર, તા.૧૨

હાલ ચોમાસાની સિઝન ચાલી રહી છે. મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉંચકયું છે. શહેરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. વાઈરલ ફીવરના દર્દીઓ સહિત અન્ય દર્દીઓથી હોસ્પિટલ ઉભરાઈ રહી છે. ત્યારે વરસતા વરસાદમાં સિવિલમાં ટપકતી છતમાંથી પાણી પડતા દર્દીઓ હેરાન થઈ ગયા છે. ત્યારે સિવિલના કેટલાક વોર્ડમાં ટપકી રહેલા પાણી માટે તંત્રએ ડોલનો સહારો લેવો પડ્યો છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરની ૬૦૦ બેડની હોસ્પિટલમાં ભ્રષ્ટ પીઆઈયુના પાપે સમસ્યાઓ સમવાનું નામ લેતી નથી. સિવિલમાં એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે. લીફટ નીચે ભરાતા પાણીની સમસ્યા થોડા સમય પહેલા જ દુર થવા પામી છે.

ત્યારે એક થી આઠ માળમાં કેટલાક વોર્ડમાં પાણી ટપકવાની સમસ્યા ઉભી થઈ છે.

સિવિલમાં કેટલીક વાર સારવાર મેળવી રહેલા દર્દીઓ દ્વારા પાણીના પોકાર ઉઠે છે. સંડાસ-બાથરૂમમાં પાણી બે દિવસ સુધી આવતા નથી. ત્યારે વોર્ડમાં છતમાંથી અને દિવાલોમાંથી પાણી નીકળવાના કિસ્સા સામે આવી રહ્યા છે. પાણી ટપકતા ટાઈલ્સ પર દર્દીઓ, સગાઓ તેમજ સ્ટાફના કર્મચારીઓ લપસીને પડી ન જાય તે માટે ડોલ મુકવામાં આવે છે.

જયારે આ ડોલ ભરાઈ જાય એટલે તે ખાલી કરીને ફરીવાર મુકી દેવામાં આવે છે.

હાલના સમયે મેડીસીન વોર્ડ સહિતના વોર્ડ દર્દીઓથી ભરચક છે અને બીજીતરફ ચોમાસાની સિઝન હોવાથી છતમાંથી પાણી ટપકે છે. દર્દીઓના ખાટલા તેમજ વોર્ડમાં પાણીની સમસ્યાને લઈ સ્ટાફ પણ પરેશાન છે.

પરંતુ સિવિલના સત્તાધિશો દ્વારા રોજ રાઉન્ડ મારવામાં આવે છે. પણ સમસ્યાનું સમાધાન કરવામાં આવતુ નથી તેવા શુર પણ ઉઠવા પામ્યા છે. ત્યારે છતમાંથી ટપકી રહેલા પાણી સત્વરે બંધ થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ખૂણેખાંચરેથી

- આજે સતત હળવા વરસાદી ઝાપટાઓએ ગાંધીનગરના દૈનિક જનજીવન પર અસરો કરી હતી.
- ગાંધીનગર શહેરમાં રજાનો માહોલ છવાઈ જવા પામ્યો છે અને બપોર પછી ઘણી કચેરીઓમાં કર્મયોગીઓએ ગુલ્લી મારી હતી.
- રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી સુશ્રી પી. ભારતીએ આજે જિલ્લા કલેક્ટરો અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- ૧૫મી ઓગષ્ટની ઉજવણીને લઈ અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુસિંઘેતૈયારીઓની સમીક્ષા કરી આયોજનને આખરી ઓપ આપ્યો હતો.
- દહેગામ તાલુકા ભાજપ દ્વારા આજે ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ચૂંટણી પંચ દ્વારા આજથી મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશનો આરંભ થયો છે.
- શહેરી વિસ્તારની નજીક આવેલા ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈ અભિયાન માટેના સાધનો અંગે ઔડાએ વિગતવાર દરખાસ્ત જિલ્લા પાસે માંગી છે.
- ગાંધીનગર જિલ્લામાં ૩૭૮૪ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણીના ખાબોચિયાઓ થયા છે ત્યારે વાહકજન્ય રોગચાળાનો ભય શહેરીજનોને સતાવી રહ્યો છે.
- ઓલ ઈન્ડિયા ત્રાસવાદ વિરોધી દળના ચેરમેન મનજીસીંગ બુટ્ટા આજે કોબા આવ્યા હતા. તેમણે કોબાના ધાર્મિક સ્થાનોની મુલાકાત લીધી હતી.
- આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત હર ઘર ત્રિરંગા અભિયાનને સફળ બનાવવા સચિવાલય ફેડરેશનના હોદ્દેદારોએ અપીલ કરી છે.

આઝાદીના અમૃત મહોત્સવે આઝાદીનાં ગીતો ગવાયાં

ગાંધીનગર, તા. ૧૨

સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં આઝાદીના અમૃત મહોત્સવે આઝાદીનાં ગીતો જગદીશ પરીખ અને સંગીત ટૂકડીના વૈભવી પરમાર, સીમા સોલંકી, દિશા, ભાગ્યશ્રી, એસ્ટર, અજય રાઠવા, અવિનાશે ગાયાં. રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવું અને ડૉ. દિવ્યેશ ભટ્ટે કાર્યક્રમનું આયોજન કર્યું.

પેથાપુર શિવરામ પાર્ક ખાતે શિક્ષિકાના બંધ મકાનમાં રૂ.૧.૯૫ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૨

પેથાપુર શિવરામ પાર્ક ખાતે બંધ મકાનમાં તસ્કરોએ ત્રાટકી રૂ.૧૯૫ લાખની ચોરી કરી છે. રક્ષાબંધનના તહેવાર નિમિતે પરિવાર ખેડા વતનમાં ગયો હતો. ત્યારે બંધ ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી તસ્કરોએ અંદર પ્રવેશી બેડરૂમમાં રહેલી તિજોરી-કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૧.૯૫ લાખ મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનો નોંધી ચોર શખ્સોને પકડવા માટે તજવીજ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોસ્ટ ઓફિસની બાજુમાં આવેલા શિવરામ પાર્કબી-૫૦૨ ખાતે રહેતા ધર્મેન્દ્રસિંહ મહિડા છેલ્લા પાંચ વર્ષથી કોન્ટ્રાકટ બેઝ પર અને તેમના પત્ની સેકટર-૨૩ ખાતે શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. ગત તા.૧૦ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગે ધર્મેન્દ્રસિંહ નોકરી પર જવા માટે નીકળ્યા હતા.

ત્યારબાદ તેમના પત્ની પણ શાળાએ જવા માટે સાડા અગીયાર વાગે ઘરેથી દિકરીને લઈને ઘરેથી રવાના થયા હતા. રક્ષાબંધનનો તહેવાર હોવાથી પતિ-પત્નિએ રજા લઈ બપોરે ત્રણ વાગે વતન (નવા ગામ તા. વસો જી.ખેડા) જવા માટે ગાડી લઈને નીકળ્યા હતા. ત્યારબાદ રાત્રી રોકાણ કરી રક્ષાબંધનની ઉજવણી કરી સાસરીમાં ગયા હતા અને ત્યાં રાત્રે રોકાયા હતા. ત્યારપછી આજે સવારે સાસરીમાં પેથાપુર આવવા માટે નીકળ્યા હતા. તે સમયે નડીયાદ પહોંચતા પાડોશીનો ફોન આવ્યો હતો કે તમે ઘરે આવી ગયા છો, જેથી ધર્મેન્દ્રસિંહે ઘરે આવતા બે કલાક જેટલો સમય થશે તેમ કહ્યું હતું. પાડોશીએ જણાવ્યું કે તમારા ઘરે દરવાજે તાળુ માર્યું નથી અને સ્ટોપર મારેલી છે. જેને પગલે તાત્કાલીક સવારના ૯ વાગે ઘરે આવીને જોતા ઘરનો મુખ્ય દરવાજો ખુલેલી હાલતમાં હતો. ત્યારબાદ અંદર જઈ તપાસ કરતા બેડરૂમમાં રહેલી લોખંડની તિજોરી તિજોરી અને કબાટ પણ ખુલ્લા હતા. સોનાના દાગીના મુકવાના બોકસ વેર વિખેર હાલતમાં અસ્તવ્યસ્ત પડ્યા હતા. ઘરમાંથી દોઢ તોલાનું સોનાનું ડોકીયું, એક તોલાનું સોનાનું લોકેટ, એક જોડ સોનાની કડી અને બુટ્ટી તેમજ રોકડ રૂ.૬૦ હજાર મળી કુલ રૂ.૧.૯૫ લાખની મત્તાની ચોરી થતા પેથાપુર પોલીસે ફરીયાદ નોંધાઈ છે.

સાદરા દ્વારા હર ઘર તિરંગા અંતર્ગત તિરંગા યાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

આજરોજ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ (બી.એ એમ.એ વિભાગ) ના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા એક વિશાળ તિરંગા રેલીનું આયોજન કરી સાદરા ગામ માં "હર ઘર તિરંગા ઘર ઘર તિરંગા" મુહિમ જગાવી ગ્રામજનોને પોતાના ઘર પર તિરંગો લહેરાવી આ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરવા માટે અપીલ કરવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમ ની સંકલ્પના અને આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમ ના કાર્યક્રમ અધિકારીશ્રીઓ ડૉ.મોતીભાઈ દેવું તેમજ ડૉ.દિવ્યેશકુમાર ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું સમગ્ર મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ હાથમાં તિરંગો લઈ રેલી સ્વરૂપે સાદરા ગામ માં શેરીએ શેરીએ ફર્યા હતા અને ભારત માતાકી જય અને વંદે માતરમ ના જય ઘોષ સાથે ગ્રામજનોમાં રાષ્ટ્રપ્રેમની હેલી જગાવી હતી. જયારે રેલી પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર માં પહોંચી ત્યારે તેના આચાર્યશ્રી શ્રી તેજસભાઈ ઠાકર તેમજ તેમના સ્ટાફ દ્વારા રેલીનું ઉત્સાહપૂર્વક સ્વાગત કરી લીંબુ શરબત દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું તેમાં અજય રાવલ, મહેન્દ્ર મોદી તથા પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર ના સેવકો નો સહયોગ રહ્યો હતો. જયારે રેલીને પ્રસ્થાન બ્રહ્માકુમારી વિશ્વ વિદ્યાલય ચિલોડાના બહેનો, સંયોજક શ્રી રમેશભાઈ પટેલ, સાદરા ગામના પ્રથમ નાગરિક એવા સરપંચ શ્રી મહેશભાઈ રાવલે કરાવ્યું હતું અને તે પણ તેમના સ્ટાફ સહિત રેલીમાં જોડાયા હતા. મહાવિદ્યાલયના સમગ્ર સ્ટાફે પણ રેલીમાં જોડાઈ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વર્ધન કર્યું હતું.

જિલ્લાકક્ષાની દોડ સ્પર્ધામાં ડભોડા શ્રી એમ.એચ. વિદ્યામંદિર પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું

ગાંધીનગર, તા. ૧૨

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લાકક્ષાની દોડ સ્પર્ધામાં શ્રી એમ.એચ. વિદ્યામંદિરના ત્રણેય સ્પર્ધકોએ મેદાન માર્યું હતું. જેમાં ઠાકોર યામિની એસ., યાદવ દેવાંગ, ખત્રી અનિતા એસ. એ જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી શાળાઆનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવનાર ૮ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના આદરજ મોટી ગામે આવેલી જમીન પર કેટલાક વ્યકિતઓએ છેલ્લા ચાર માસથી ગેરકાયદેસર કબ્જો જમાવ્યો છે. દોઢ દાયકા અગાઉ જમીનના કબ્જા સહિત વેચાણ દસ્તાવેજ થઈ ગયા છે. તેમ છતા આજના ભાવે રૂપીયા પડાવવા માટે આરોપીઓએ જમીન પર જાહેર ચેતવણીનું બોર્ડ મારી દીધુ છે. જમીન માલિક અજય પટેલ દ્વારા જમીન પચાવી પાડવાનો કારસો ઘડનાર ૮ વ્યકિત સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ખાતે રહેતા અજય કલ્યાણભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદ મુજબ ગાંધીનગરના આદરજ મોટી ગામની સીમમાં નવો સર્વે નં.૨૦૭૬ વાળી જમીન શારદાબેન બબાજી નાથાજી ઠાકોર અને બચુજી ઉર્ફે મંગાજી નાથાજી ઠાકોરની માલિકીની હતી. જે જમીન તેમના પિતાએ તા.૨૧-૮-૨૦૦૬ ના રોજ નોટરી પાવર ઓફ એર્ટની કરી અમદાવાદ રહેતા કલ્યાણભાઈ પટેલે જમીન વેચાણ રાખી હતી.

તા.૧૫-૭-૨૦૦૭ થી જમીન કબ્જા સહિત વેચાણ રાખેલી હોવાથી જે રેકર્ડમાં પણ નોંધ નં.૪૬૪૫-તા.૨૮-૧૨-૨૦૦૭ ના રોજ પ્રમાણીત થઈ છે. ત્યારબાદ અજયભાઈ પટેલના પિતા કલ્યાણભાઈ રામજીભાઈ પટેલ તા.૨૫-૧૦-૨૦૦૮માં અવસાન થતા ઉપરોકત જમીનમાં વારસાઈ નોંધ પણ પડી છે. જમીન માલિકનો કબ્જો હોવા છતા જમીન પર ચેતવણીનું બોર્ડ મારી દઈ વધુ રૂપીયા ખંખેરવા માટે છેલ્લા ચાર માસથી જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી જમીન પચાવી પાડવાનો પ્લાન ઘડનાર શારદાબેન બબાજી નાથાજી ઠાકોર, બચુજી ઉર્ફે મંગાજી નાથાજી ઠાકોર, લક્ષ્મણજી ઉર્ફે બલાજી ઉર્ફે અરવિંદજી બચુજી ઠાકોર, મંજુલાબેન બાબાજી નાથાજી ઠાકોર, ચંદુજી સોમાજી ઠાકોર, માધાજી રામાજી ઠાકોર (તમામ રહે. ગામ-આદરજ મોટી), ભરતસિંહ સરદારસિંહ રાઠોડ (ગામ બોભા તા.પ્રાંતિજ), લસીબેન નાથાજી બકોરજી ઠાકોર (ગામ હાલીસા દહેગામ) સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાઈ છે.

ડભોડા હાઈસ્કૂલ દ્વારા 'હર ઘર તિરંગા' તિરંગા યાત્રા યોજાઈ

૫૦૦ વિદ્યાર્થીઓ ત્રિરંગા યાત્રામાં જોડાયા

ગાંધીનગર, તા. ૧૨

શ્રી કેળવણી મંડળ ડભોડા સંચાલિત શ્રી એમ.એચ. વિદ્યામંદિર ખાતે ૭૫મા અમૃત મહોત્સવ અંતર્ગત શાળાના ઈન્ચાર્જ આચાર્ય પાંડે સાહેબ તથા સારસ્વત મિત્રો તેમજ બાળકો સાથે 'હર ઘર ત્રિરંગા' યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રિરંગા યાત્રઆ રેલીમાં ૧૦૦ ફૂટનો રાષ્ટ્રધ્વજ સાથે ૫૦૦ વિદ્યાર્થીઓએ રેલીમાં જોડાઈ આઝાદી પર્વની અનોખી ઉજવણી ઉમંગ અને રાષ્ટ્રપ્રેમના પ્રતિક સમા ત્રિરંગાયાત્રાથી સૌ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

સેકટર-૩૦ સરકારી મકાન પાસેથી ચેતક કમાન્ડોનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેકટર-૩૦ જાગૃતિ પાર્ક સોસાયટી સામે સરકારી મકાન પાસે પાર્ક કરેલા બાઈની ચોરી થવા પામી છે. બાઈક ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩૦ સરકારી મકાનમાં રહેતા મહિપાલસિંહ જાડેજા ચેતક કમાન્ડોમાં એએસઆઈ તરીકે ફરજ બજાવે છે.

મહિપાલસિંહે વર્ષ ૨૦૧૮માં હીરો ડીલક્ષ બાઈક નં. જી.જે.૧૮.ડી.બી.-૬૫૬૮ ની ખરીદી કરી હતી. તેઓ નોકરીએ આવન જાવન માટે બાઈકનો ઉપયોગ કરતા હતા. ગત તા.૯ ઓગસ્ટના રોજ રાત્રીના નવ વાગ્યાના અરસામાં ઘરની બાજુમાં લોક કરી બાઈક મુક્યું હતું.

જયારે બીજા દિવસે કામ ન હોવાથી બાઈક પાર્ક કરેલી જગ્યા પર જોયુ ન હતું. પરંતુ આજે સવારે ૬ વાગે બાઈકની જરુર પડતા પાર્ક કરેલી જગ્યા પર જોતા બાઈક ન હતું. જેથી બાઈક ચોરી થઈ જતા આસપાસના વિસ્તારમાં શોધખોળ હાથ ધરી હતી. પરંતુ બાઈક મળી નહી આવતા રૂ.૪૫ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સાદરા સંકુલમાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતી સાહિત્યકારોની ભૂમિકા વિષયક વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૨

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના બી.એ., એમ.એ., પી.એચ.ડી., વિભાગના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન મુજબે સરદાર ઉપાસના મંદિરમાં વિદ્યાર્થી અનુરાગ પરમાર અને વિદ્યાર્થિની ગીતા રબારીએ સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતી સાહિત્યકારોની ભૂમિકા વિષયક સુંદર વ્યાખ્યાન કર્યું, જેમાં ગાંધીયુગના સમર્થ સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીની સ્વતંત્રતાની કવિતા વિશે, ઉમાશંકર જોષીના સાહિત્ય સર્જન વિશે તેમજ સુન્દરમ્ અને સ્વયમ્ ગાંધીજીના સાહિત્ય વિશેની દેશભક્તિની વાતો કરી. ઉપરાંત આધુનિક અંગે વાર્તાલાપ થયા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિષયના પ્રા. બળદેવ મોરીએ અને ડૉ. મોતી દેવુંએ કર્યું અને વિદ્યાર્થિની આશા દેસાઈએ આભારવિધિ કરી.

CHILDREN'S UNIVERSITY
(Established by Government of Gujarat)
Subhash Chandra Bose Shikshan Sankul, Near Chh-5, Children's University Circle, Sector-20, Gandhinagar-382021 (Gujarat)
Phone : 079 232 44569, Website : www.cugujarat.ac.in

ભાવપત્રક મેળવવા માટેની જાહેરાત

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર કરવાના થતા કેટલાક જરૂરી કામ જેવા કે (૧) ટ્રેક્ટર, પાવડી, જીસીબી, પાણીના ટેન્કર માટેના ભાવપત્રકો (૨) RO પ્લાન્ટની મરામત (૩) સિવિલ અને પ્લમ્બિંગ માટેના જરૂરી સામાન પુરા પાડવા (૪) સુથાર, પ્લમ્બર, કડિયા, ઈલેક્ટ્રીશીયનની સેવાઓ પૂરી પાડવા (૫) પાણીની ટાંકીઓ સાફ કરવા માટેના ભાવપત્રકો મેળવવાના છે. જે માટે તા. ૨૫/૮/૨૦૨૨ સુધીમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે પોતાની વિગત જરૂરી દસ્તાવેજ સાથે પહોંચાડવાની રહેશે. જગ્યાઓ અંગેની વિસ્તૃત માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પર મુકવામાં આવેલી છે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૧૧/૮/૨૦૨૨
માહિતી/૧૧૦૨/૨૨-૨૩
કુલસચિવ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી